જીવનસાથી ડોટ કોમ પર ઇંગ્લેન્ડમાં રહેતા સુભાષ શર્મા તરીકે ઓળખ આપી યુવતીને ફસાવી

# લગ્નનાં સપનાં બતાવી વિદેશી ગિફ્ટની લાલચ આપી ઠગે યુવતીને રૂ.૭.૫૨ લાખનો ચૂનો ચોપડયો

**કુરિયર,** કસ્ટમ્સ અને ટેક્સના બહાને વારંવાર રૂપિયા પડાવ્યા, ગિફ્ટ તો ન મળી પણ લાખો રૂપિયા ગુમાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

વડોદરામાં મેટ્રિમોનિયલ વેબસાઈટ પર જીવનસાથી શોધતી યુવતીને લગ્નની લાલચ આપી વિદેશથી મોંઘી ગિફ્ટ મોકલવાના નામે રૂ.7.52 લાખની ઠગાઈ આચરવામાં આવી છે. ઈંગ્લેન્ડમાં રહેતો હોવાનું કહી વિશ્વાસ જીતનાર ઠગે કુરિયર, કસ્ટમ્સ અને ટેક્સના બહાને યુવતી પાસેથી ટુકડે-ટુકડે લાખો રૂપિયા પડાવ્યા હતા. લગ્નનાં સપનાં અને વિદેશી ગિફ્ટની લાલચ આખરે યુવતીને મોંઘી પડી હતી.

વડોદરામાં મેટ્રિમોનિયલ વેબસાઈટ પર લગ્ન માટે જીવનસાથી શોધતી યુવતીને ઠગે પ્રેમ અને મોંઘી વિદેશી ગિફ્ટની જાળમાં ફસાવી રૂ.7.52 લાખથી વધુનો ચૂનો ચોપડ્યો છે. ઈંગ્લેન્ડમાં રહેતો હોવાનું કહી યુવતીનો વિશ્વાસ જીતનાર શખ્સે વિદેશથી ગિફ્ટ અને 10 હજાર પાઉન્ડ મોકલ્યા હોવાની વાત કરી હતી. જોકે, ગિફ્ટ મેળવવા માટે ક્યારેક કુરિયર ચાર્જ, તો ક્યારેક ટેક્સ અને પાર્સલ છોડાવવાના બહાને યુવતી પાસેથી ટુકડે-ટુકડે નાણાં પડાવવામાં આવ્યાં હતાં. અંતે ગિફ્ટના નામે લાખો રૂપિયા ગુમાવતાં યુવતીએ સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો હતો.

ગોત્રી વિસ્તારમાં રહેતી અને વીડિયો ક્રિએટર તરીકે કામ કરતી 30 વર્ષીય આશા સિંધે Jeevansathi.com પર એકાઉન્ટ બનાવ્યું હતું. 1 જુલાઈ, 2026ના રોજ વિદેશી કોડ ધરાવતા વોટ્સએપ નંબર પરથી સંપર્ક કરનાર વ્યક્તિએ પોતાનું નામ સુભાષ શર્મા હોવાનું જણાવ્યું હતું. પોતે ભારતીય નાગરિક છે અને છેલ્લા આઠ વર્ષથી ઈંગ્લેન્ડમાં વેપાર કરે છે તેવી ઓળખ આપીને તેણે યુવતી સાથે વાતચીત શરૂ કરી હતી. ધીમે-ધીમે પરિચય વધ્યો અને લગ્નની વાત પણ આગળ વધી હતી.

ત્યારબાદ સુભાષે યુવતી માટે વિદેશથી ગિફ્ટ મોકલી હોવાનું જણાવી સરનામું મેળવ્યું હતું. કુરિયર પહોંચાડવાના બહાને શરૂઆતમાં રૂ.70 હજાર પડાવ્યા બાદ 10 હજાર પાઉન્ડ મોકલ્યા હોવાની રસીદ બતાવી તે રકમ મેળવવા રૂ.85 હજાર ટેક્સ ભરવાનું કહ્યું હતું. ત્યારબાદ દિલ્હી એરપોર્ટ પર પાર્સલ અટક્યું હોવાનું અને કુરિયર બોયને રાજસ્થાન પોલીસે પકડી લીધો હોવાનું જણાવી અલગ-અલગ બહાનાં હેઠળ વધુ નાણાં માગવામાં આવ્યાં હતાં.

ઠગોની વાતોમાં આવી યુવતીએ ગૂગલ પે, ક્યૂઆર કોડ અને બેંક ખાતાં મારફતે કુલ રૂ.7,52,949 ચૂકવ્યા હતા. જોકે, ન તો વિદેશી ગિફ્ટ મળી કે ન તો રૂપિયા પરત આવ્યા. આખરે યુવતીએ સપ્ટેમ્બર મહિનામાં નેશનલ સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી.

## હરિનગર બ્રિજ અકસ્માત કરનાર કારચાલકની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24



શહેરના ગોત્રી રોડ પર આવેલા હરિનગર બ્રિજ પર પાંચ વાહનો વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુઆંક બે થયો છે. અકસ્માતમાં એક રિક્ષાચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે રિક્ષામાં સવાર મહિલા ગિરજા મિસ્ત્રીનું સારવાર દરમિયાન મોત થયું હતું. અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ મામલે એસીપી એ.વી. કટકડે જણાવ્યું હતું કે, આરોપી તાહા શાબીર પરદાવાલાએ કથિત રીતે બેફિકરાઈ અને ગફલતભરી રીતે કાર હંકારી બે રિક્ષા, એક મોટરસાઈકલ અને બીજી કારને ટક્કર મારી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી છે. આરોપી ન્યૂ મેટલ મિરર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડમાં સિસ્ટમ એન્જિનિયર તરીકે નોકરી કરે છે.

તંત્રની લાપરવાહીનો નમૂનો, સ્થાનિકોમાં રોષ

# ઉંડેરા રોડ પર કેનાલની કામગીરી દરમિયાન સિમેન્ટ મિક્સર ટ્રક ખાડામાં ખાબકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરાના ઉંડેરા વિસ્તારમાં ચાલી રહેલી વિકાસ કામગીરી વચ્ચે તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. રોડ અને કેનાલના કામ દરમિયાન ખોદાયેલા ઊંડા ખાડા પાસે કોઈ પણ જાતના બેરીકેટ કે સૂચના બોર્ડ ન મુકાતા અકસ્માત સર્જાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ઉંડેરા વિસ્તારમાં કામ કરી રહેલ એક સિમેન્ટ મિક્સર મશીન ટ્રક અચાનક સંતુલન ગુમાવતા ખાડામાં પલટી મારીને ખાબકી ગયું હતું. સદનસીબે ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો હતો, પરંતુ આ જ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી સ્કૂટર સવાર એક નાની બાળકી આ અકસ્માતની લપેટમાં આવી જતા ઈજાગ્રસ્ત થઈ હતી. સ્કૂટરને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઘટના બાદ સ્થાનિક જાગૃત નાગરિકે સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે કામગીરી વાળી જગ્યાએ સુરક્ષાના કોઈ પગલાં લેવાયા નથી અને ખાડાઓ ખુલ્લા મૂકી દેવાયા છે. લાંબા સમયથી અધૂરી પડેલી આ કામગીરીના કારણે સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. તંત્ર વહેલી તકે જાગે અને ખુલ્લા ખાડાઓ ફરતે સુરક્ષા વ્યવસ્થા ગોઠવે તેવી લોકમાંગ ઉઠી છે.



# ટેન્કરમાંથી ઢોળાયેલા ચીકણા પદાર્થના કારણે બાઈક સ્લીપ: મહિલાનું મોત

**કરજણના** કંડારી પાસે હાઇવે પર અકસ્માત સર્જી ટેન્કરચાલક ફરાર, પતિને પણ ઇજા થતાં પોલીસમાં ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

કરજણ તાલુકાના કંડારી ગામની સીમમાં નેશનલ હાઈવે-48 પર વડોદરાથી ભરૂચ તરફ જતા માર્ગે ટેન્કરમાંથી ઢોળાયેલા ચીકણા સફેદ પદાર્થના કારણે બાઈક સ્લીપ થતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર મહિલાને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું, જ્યારે તેમના પતિને છાતીના જમણા ભાગે ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ ટેન્કરચાલક પોતાનું વાહન લઈને ફરાર થઈ જતાં કરજણ પોલીસે અજાણ્યા ટેન્કરચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરના હરણી વિસ્તારમાં આવેલા રાજીવનગરમાં રહેતા રાજેશ ચંદુલાલ સોલંકી (ઉં.વ. 52) તેમની પત્ની હસુમતીબેન રાજેશભાઈ સોલંકી (ઉં.વ. 49) સાથે સ્પ્લેન્ડર બાઈક પર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન કંડારી ગામની સીમમાં હાઈવે પર એક ટેન્કરમાંથી ચીકણો સફેદ પદાર્થ રોડ પર ઢોળાતો હોવા છતાં ચાલકે ટેન્કર પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી અકસ્માત સર્જ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. રોડ પર ઢોળાયેલા પદાર્થને કારણે બાઈક સ્લીપ થતાં દંપતી નીચે પટકાયું હતું. આ ઘટનામાં હસુમતીબેનને ગંભીર ઈજા પહોંચતાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસમાતમાં ઈજાગ્રસ્ત રાજેશ સોલંકી સારવારમાં હોવાથી તેમણે 23 ઓક્ટોબરના રોજ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. કરજણ પોલીસે ગુનો નોંધી ફરાર ટેન્કરચાલકની શોધખોળ શરૂ કરી છે.

## વડોદરા સ્ટેશનથી ટ્રેનમાં લેપટોપ સહિતની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

આજવા રોડ સ્થિત ભાગ્યલક્ષ્મી ટાઉનશીપમાં રહેતા અને એલએન્ડટી કંપનીમાં નોકરી કરતા વરુણ ચંદ્રકાંત નાઈક (ઉં.વ.31) મુંબઈ જવા માટે તા.22 ઓક્ટોબરના રોજ ટ્રેન નંબર 12928માં સવાર થયા હતા. એસ-5 કોચમાં સીટ નંબર 40 પર તેમનું રિઝર્વેશન હતું. રાત્રે 10:57 વાગ્યે ટ્રેન પ્લેટફોર્મ નંબર-3 પર આવતાં તેઓ પોતાની સીટ પર બેઠા હતા.

દરમિયાન તેઓ વોશરૂમમાં ગયા હતા. આ તકનો લાભ લઈને અજાણ્યો ચોર તેમની સીટ પાસે રાખેલું ડાર્ક બ્લુ રંગનું સ્કાયબેગ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. વોશરૂમમાંથી પરત ફરતાં બેગ નહીં મળતાં તેમણે આસપાસ તપાસ કરી હતી, પરંતુ બેગનો પત્તો લાગ્યો નહોતો. બેગમાં આશરે રૂ.35 હજારની કિંમતનું એચપી કંપનીનું લેપટોપ, પર્સ, આધારકાર્ડ, પાનકાર્ડ, ICICI અને SBI બેંકનાં એટીએમ કાર્ડ, રૂ.100 રોકડા, પાણીની બોટલ તથા ચાર જોડી કપડાં હતાં. આખરે વરુણ નાઈકે અજાણ્યા ચોર વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ચાલુ બાઈક ચાલકોને ધક્કો મારી પાડી દઈ બચકા ભરી લેતા હતા

# શેરખી ગામમાં આતંક મચાવનાર બે ખૂંખાર વાનરો આખરે વન વિભાગની જાળમાં પુરાયા

**વન** વિભાગના કર્મચારીઓની અથાક મહેનત રંગ લાવી, બે દિવસીય રેસ્ક્યુ ઓપરેશન સફળ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૪

શહેરના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા શેરખી ગામની સીમ તથા રહેણાંક વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી બે નર વાનરોએ ભારે આતંક મચાવ્યો હતો. ગામના સીમ વિસ્તારમાં સતત આંટાફેરા મારતા અને રસ્તા પર પસાર થતા રાહદારીઓ તથા ચાલુ બાઈક ચાલકોને ટક્કર મારીને નીચે પાડી દેવાના અને બચકા ભરવાના બનાવો વધતા ગ્રામજનોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ છવાયેલો હતો. આખરે વન વિભાગની ટીમ દ્વારા સફળ ઓપરેશન હાથ ધરીને બંને વાનરોને સહીસલામત રેસ્ક્યુ કરી પાંજરે પૂરવામાં આવતા સ્થાનિક રહેવાસીઓએ હાશકારો અનુભવ્યો છે.

સ્થાનિક રહેવાસીઓ દ્વારા વાનરોના ત્રાસ અંગે વન વિભાગને સતત ફરિયાદો કરવામાં આવી રહી હતી. શેરખી ગામના મેહુલભાઈ મહિડા દ્વારા આ અંગે જાણ કરવામાં આવતા વન વિભાગની ટીમ તાત્કાલિક હરકતમાં આવી હતી. વન વિભાગના કર્મચારીઓ નિલેશભાઈ અને



લાલુ નિઝામા પોતાની ટીમ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. ખેતર અને સીમ વિસ્તારમાં બે દિવસની સતત અથાક મહેનત અને ભારે જહેમત બાદ વન કર્મચારીઓએ પાંજરું ગોઠવીને આ બંને આતંકવાદી વાનરોને પકડી પાડવામાં સફળતા મેળવી હતી.

વાનરોના સતત હુમલાના ડરથી ખેડૂતો અને ગ્રામજનો પોતાના ખેતરોમાં જતા પણ ડરતા હતા, પરંતુ વન વિભાગની આ સરાહનીય કામગીરીથી સમગ્ર વિસ્તારમાં રાહતનું મોજું ફરી વળ્યું છે. લોકો હવે ભયમુક્ત વાતાવરણમાં શ્વાસ લઈ રહ્યા છે અને વન વિભાગની ટીમની ત્વરિત કાર્યવાહી બદલ ગ્રામજનોએ આભાર વ્યક્ત કર્યો છે.

# અમિતનગર સર્કલ પાસે ટેક્સી ચાલકને લાકડીઓથી માર માર્યો

**પેસેન્જર** ભરવાના જૂના ઝઘડાની અદાવતમાં હુમલાનો આક્ષેપ

**યુવકના** ડાબા પગમાં ફ્રેક્ચર, પોલીસ તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરના અમિતનગર સર્કલ પાસે પેસેન્જર ભરવા મુદ્દે થયેલા જૂના વિવાદની અદાવતમાં ટેક્સીચાલક પર હુમલો થયાની ઘટના સામે આવી છે. અમદાવાદમાં થયેલા ઝઘડાનું મનદુઃખ રાખીને જયેશ ઉર્ફે જય ભરવાડે ટેક્સીચાલકને જાતિ વિષયક અપશબ્દો બોલી માર માર્યો હોવાનો આક્ષેપ છે. લાકડીના ફટકાથી યુવકના ડાબા પગમાં ફ્રેક્ચર થતાં સારવાર બાદ તેણે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

કિશનવાડીના જલારામ ચોકમાં રહેતો 23 વર્ષીય મિહિર પરમાર મિત્રની અર્ટિગા કાર ભાડે રાખીને અમિતનગરથી અમદાવાદ વચ્ચે ટેક્સી ચલાવે છે. ફરિયાદ મુજબ, 23 સપ્ટેમ્બરે અમિતનગર પાસે પેસેન્જર ભરવા બાબતે મિહિર અને જયેશ વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ અમદાવાદના સી.ટી.એમ. વિસ્તારમાં પણ જયેશ, કનુભાઈ અને મહેશ ભરવાડ સહિતના શખસો સાથે પેસેન્જર ભરવા મુદ્દે વિવાદ થયો હતો. આ જૂના ઝઘડાની અદાવત રાખીને 24 સપ્ટેમ્બરે સવારે આશરે 11:30 વાગ્યે અમિતનગર સર્કલ નજીક જગદીશ ફરસાણની દુકાન પાસે જયેશે ફરી ઝઘડો કર્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. આક્ષેપ મુજબ, જાતિ વિષયક અપશબ્દો બોલી અપમાનિત કર્યા બાદ ગડદાપાટુનો માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ લાકડી વડે પીઠ અને બંને પગ પર સાતથી આઠ ફટકા મારતાં મિહિરને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટના બાદ મિહિરે 112 હેલ્પલાઈન પર ફોન કરતાં પોલીસ સ્થળે પહોંચી હતી. પગમાં ભારે દુખાવો થતાં તેણે ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી, જ્યાં ડાબા પગમાં ફ્રેક્ચર હોવાનું જાણવા મળ્યું હતું. ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સયાજીગંજ વિસ્તારમાં મોડી રાત્રે ૩ વાગ્યે સર્જાયેલા ઘર્ષણથી ફફડાટ

# રેલવે સ્ટેશન પાછળ ધમધમતી હોટલ બહાર મધરાતેયુવકો વચ્ચે મારામારી

પોલીસની રાત્રી પેટ્રોલિંગ કામગીરી સામે સવાલ ઉઠ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા શહેરના સયાજીગંજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા રેલવે સ્ટેશન પાછળ ગઈકાલે મોડી રાત્રે મારામારીની ઘટના બની હતી. મળતી માહિતી મુજબ રાત્રિના આશરે 3 વાગ્યાના અરસામાં એક હોટલ પર કેટલાક યુવકો વચ્ચે કોઈ કારણસર બોલાચાલી થયા બાદ મામલો હાથાપાઈ સુધી પહોંચ્યો હતો.

અચાનક થયેલી આ છૂટા હાથની મારામારીના કારણે રાત્રિના સમયે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મોટા અવાજ અને ઝઘડાના કારણે આસપાસના રહીશો, રાહદારીઓ અને મુસાફરોમાં ભય ફેલાઈ ગયો હતો. આ ઘટનાએ શહેર પોલીસની રાત્રી પેટ્રોલિંગ



વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. શહેરમાં રાત્રે 11 વાગ્યા બાદ ખાણીપીણીની લારીઓ બંધ કરવાના કડક નિયમોનો અમલ કરાવાતો હોવાના દાવા વચ્ચે રેલવે સ્ટેશન પાછળની કેટલીક હોટલો આખી રાત ધમધમતી હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે રાત્રે પોલીસ પેટ્રોલિંગ માત્ર કાગળ પર જ હોય છે, જેના કારણે અસામાજિક તત્વો બેફામ બન્યા છે. આ મામલે સયાજીગંજ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# પોલીસ સાથે દાદાગીરી કરનાર પશુપાલક સહિત બે ઝડપાયા

**તરસાલી** ચેકપોસ્ટ પર નો-એન્ટ્રીમાં ડમ્પર રોકતાં પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

વડોદરા શહેરના તરસાલી ચેકપોસ્ટ પાસે નો-એન્ટ્રીમાં પ્રવેશેલા ડમ્પરને રોકતાં ટ્રાફિક પોલીસ સાથે ઘર્ષણ કરનારા બે શખસોને મકરપુરા પોલીસે ઝડપી પાડ્યા છે. ભારે વાહન પાસે શહેરમાં પ્રવેશવાનો પાસ-પરમિટ ન હોવાથી પોલીસે ડમ્પર ડિટેઈન કરવાની કાર્યવાહી હાથ ધરતાં એક શખસ સ્થળ પર દોડી આવ્યો હતો. તેણે પોલીસ સાથે ઉગ્ર બોલાચાલી કરી ગાડી ચડાવી દેવાની ધમકી આપી ફરજમાં અડચણ ઊભી કરી હોવાની ફરિયાદના આધારે કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, 21 ઓક્ટોબર, 2026ના રોજ ટ્રાફિક શાખા (પૂર્વ)માં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.એસ. ચૌધરી કપુરાઈ રોયલ વિસ્તારમાં ફરજ પર હતા. સવારે આશરે 8:30 વાગ્યે તરસાલી ચેકપોસ્ટ




પાસે એક ડમ્પરને રોકવામાં આવ્યું હતું. ડમ્પરચાલક પાસે વડોદરા શહેરમાં પ્રવેશવા માટેનો પાસ-પરમિટ માગતાં તેની પાસે પાસ-પરમિટ ન હોવાનું સામે આવ્યું હતું.

આ દરમિયાન ડમ્પરચાલકે પોતાના ઓળખીતાને ફોન કરતાં તે ફોરવ્હીલર લઈને સ્થળ પર આવી પહોંચ્યો હતો. પોલીસે નો-એન્ટ્રીમાં પ્રવેશેલા ડમ્પરને ડિટેઈન કરવાની વાત કરતાં આ શખસે ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી. એટલું જ નહીં, પોલીસ પર ગાડી ચડાવી દેવાની ધમકી આપીને સ્થળ પરથી નાસી છૂટ્યો હોવાનો આક્ષેપ છે. આ ઘટનાને પગલે સરકારી કર્મચારીની ફરજમાં અડચણ ઊભી કરવા અને જાહેરનામાના ભંગ અંગે ફરિયાદ નોંધાઈ હતી.

સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે રસ્તા બની રહ્યા છે ભયજનક

# તાંદલજામાં નવો બનેલો મુખ્ય રસ્તો બેસી જતાં પાલિકાની કામગીરી શંકાના દાયરામાં

**પત્રકાર** ચાર રસ્તા પાસે અગાઉ પાણીની લાઇન લીકેજથી લાખો લીટર પાણી વેડફાયા બાદ હવે માર્ગ પર સર્જાયો મોટો ખાડો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરાના તાંદલજા વિસ્તારમાં પત્રકાર ચાર રસ્તાથી ગામ તરફ જતા નવનિર્મિત મુખ્ય માર્ગ પર મોટો ભુવો પડતાં સ્થાનિક રહીશોમાં રોષ ફેલાયો છે. માર્ગનું કામ સંપૂર્ણ થયું ન હોવા છતાં ભુવો પડતાં માર્ગની ગુણવત્તા અને તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ જ સ્થળે અગાઉ પાણીની લાઈનમાં લીકેજ થતાં હજારો લીટર પીવાનું પાણી વેડફાયું હતું. આ અંગે તંત્રને જાણ કરવા છતાં યોગ્ય સમારકામ નહીં થતાં




હવે માર્ગ પર ભુવો પડ્યો હોવાનો આક્ષેપ છે. ભુવાને કારણે રાહદારીઓ અને વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થયું છે.

સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટીના દાવા કરવામાં આવે છે, પરંતુ રસ્તાઓની ખરાબ હાલત અને વારંવાર સર્જાતી આવી ઘટનાઓથી નાગરિકોને મુશ્કેલી પડે છે. સમયસર કરવેરા ભરવા છતાં પાયાની સુવિધાઓ માટે રજૂઆતો કરવી પડે છે.

રાસલીલા, ચંદ્રપ્રકાશ અને આધ્યાત્મિક ચેતનાનો પર્વ

# શરદપૂર્ણિમાની ચાંદનીમાં ભક્તિ, પ્રેમ અને શાંતિનો અલૌકિક સંગમ

**ધાર્મિક,** સાંસ્કૃતિક અને આયુર્વેદિક દૃષ્ટિએ શરદપૂર્ણિમાનું વિશેષ મહત્ત્વ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

શરદપૂર્ણિમા ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરામાં વિશેષ મહત્ત્વ ધરાવતો પર્વ છે. પૂર્ણિમા એટલે પૂર્ણતા અને શાંતિનો અનુભવ. આ રાત્રિએ ચંદ્રની શીતળ ચાંદની વાતાવરણમાં સૌમ્યતા, પ્રસન્નતા અને આનંદનો સંચાર કરે છે. પ્રકૃતિની સુંદરતા વચ્ચે મનને શાંતિ મળે છે અને આધ્યાત્મિક ભાવના વધુ ગહન બને છે.

શરદઋતુમાં ચંદ્રપ્રકાશનું વિશેષ મહત્ત્વ છે. સૂર્યની ગરમીથી વિપરીત ચંદ્રની શીતળતા મનને શાંતિનો અનુભવ કરાવે છે. શરદપૂર્ણિમાની રાત્રિ જાણે પ્રકૃતિના સૌંદર્ય અને પરમાત્માની ઉપાસનાનો અનોખો સંગમ બની રહે છે. આ પર્વ સાથે શ્રીલક્ષ્મીનારાયણની આરાધના અને



પ્રકૃતિ પ્રત્યેની કૃતજ્ઞતાની ભાવના પણ જોડાયેલી છે.

શરદપૂર્ણિમા અને રાસોત્સવનો સંબંધ ભારતીય ધાર્મિક પરંપરામાં અત્યંત મહત્ત્વનો છે. ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલા ભક્તિ, નિર્મળ પ્રેમ અને પરમાત્મા સાથેના આત્મીય સંબંધનું પ્રતીક છે. ચંદ્રપ્રકાશથી ઝળહળતી રાત્રિમાં રાસની કલ્પના મનને મુગ્ધ કરે છે. રાસલીલા માત્ર નૃત્ય કે ઉત્સવ નથી, પરંતુ આત્માની આધ્યાત્મિક અનુભૂતિ અને ઈશ્વર પ્રત્યેના સમર્પણનો માર્ગ છે.

રાસોત્સવમાં સંગીત, નૃત્ય, ભજન અને ભક્તિ દ્વારા મનની ચંચળતા ઓછી થઈ એકાગ્રતાનો અનુભવ થાય છે. આ પ્રસંગ માનવીને પ્રેમ, સહિષ્ણુતા અને સામૂહિક આનંદનો સંદેશ આપે છે. ગુજરાતમાં શરદપૂર્ણિમાની રાત્રિએ રાસ, ગરબા અને ભજનની પરંપરા લોકજીવનમાં ઉત્સાહ અને સાંસ્કૃતિક એકતાનો સંચાર કરે છે.

### ચાંદની, આયુર્વેદ અને શીતળતાની પરંપરા

શરદપૂર્ણિમાની ચાંદની સાથે આયુર્વેદિક માન્યતાઓ પણ જોડાયેલી છે. પરંપરાગત માન્યતા મુજબ, આ રાત્રિએ ચંદ્રપ્રકાશમાં રાખવામાં આવતી કેટલીક ખાદ્ય વસ્તુઓને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. શરદઋતુમાં પિત્તશમન અને શરીરને શીતળતા આપતી જીવનશૈલી પર ભાર મૂકવામાં આવે છે. જોકે, ચંદ્રપ્રકાશથી રોગો મટે છે અથવા ઔષધીય લાભ નિશ્ચિત મળે છે તેવા દાવાઓને વૈજ્ઞાનિક પુરાવા વિના તથ્ય માનવા યોગ્ય નથી. શરદપૂર્ણિમા માત્ર ધાર્મિક તહેવાર નથી; તે આનંદ, શાંતિ, ભક્તિ અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે. આ પર્વ માનવીને જીવનમાં સંતુલન, નિર્મળ પ્રેમ અને આધ્યાત્મિક ચેતનાનું મહત્ત્વ સમજાવે છે. - **ઘનશ્યામભાઈ ઠક્કર,** ગાયત્રી ઉપાસક

આ પર્વનું સામાજિક મહત્ત્વ પણ એટલું જ વિશેષ છે. પરિવારો, મિત્રો અને સમાજના લોકો સાથે મળીને ઉત્સવની ઉજવણી કરે છે, જેના કારણે પરસ્પર સ્નેહ અને એકતાની ભાવના મજબૂત બને છે. ભક્તિ સંગીત અને ધાર્મિક કાર્યક્રમો નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ તથા પરંપરાઓથી પરિચિત કરાવે છે. જીવનની દોડધામ વચ્ચે આવી ઉજવણી મનને વિરામ આપે છે અને સંબંધોની મીઠાશને ફરીથી અનુભવવાની તક પૂરી પાડે છે.

શરદપૂર્ણિમાની ચાંદની આપણને પ્રકૃતિની નજીક જવાનો અને તેના સૌંદર્યને માણવાનો અવસર આપે છે. ખુલ્લા આકાશમાં ચંદ્રદર્શન, ભજન અને સામૂહિક પ્રાર્થના દ્વારા મનમાં સકારાત્મકતા અને આંતરિક શાંતિનો ભાવ વિકસે છે. આ રીતે આ પર્વ વ્યક્તિગત આનંદની સાથે સામાજિક સંવાદિતા અને આધ્યાત્મિક જાગૃતિને પણ પ્રોત્સાહન આપે છે.

કહાર મોહલ્લામાં પાઇપલાઇનના ખોદકામ દરમિયાન બેદરકારીનો આક્ષેપ

# પાણીગેટમાં નશામાં ધૂત જેસીબી ઓપરેટરે પાણી-ગટરની લાઈનો તોડી

**કેબિનમાંથી** દારૂનું ક્વાર્ટર મળ્યાનો સ્થાનિકોનો દાવો

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૪

વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં આવેલા કહાર મોહલ્લામાં નવી પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી દરમિયાન ગંભીર બેદરકારી સામે આવી હોવાનો આક્ષેપ થયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ખોદકામ કરી રહેલા JCB ઓપરેટર પિંટુભાઈ જાલુભાઈ પરમાર નશાની હાલતમાં મશીન ચલાવી રહ્યા હતા. આ દરમિયાન પાણી અને ગટરની પાઈપલાઈનો તૂટી જતાં વિસ્તારમાં અફરાતફરી મચી હતી.

રહીશોના જણાવ્યા મુજબ, JCB દ્વારા આડેધડ ખોદકામ થતાં નજીકમાં રમતાં બાળકો અને રાહદારીઓ માટે જોખમ ઊભું થયું હતું. વિસ્તારમાં જૂનાં મકાનો હોવાથી ખોદકામને કારણે નુકસાન કે મોટી દુર્ઘટના થવાની ભીતિ પણ વ્યક્ત



કરવામાં આવી હતી.

સ્થાનિકોએ કામગીરી અટકાવી તપાસ કરતાં JCBની કેબિનમાંથી દારૂનું ક્વાર્ટર મળી આવ્યું હોવાનો દાવો કર્યો હતો. ઓપરેટર નશામાં લથડિયા ખાતો હોવાની સાથે સ્થાનિકો સાથે બોલાચાલી કરતો હોવાનો પણ આક્ષેપ છે. વિરોધ કરવા જતાં કોન્ટ્રાક્ટરના માણસોએ પોલીસ બોલાવવાની ધમકી આપી હોવાની ફરિયાદ રહીશોએ કરી છે. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. રહીશોએ જવાબદાર કોન્ટ્રાક્ટર અને ઓપરેટર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ તૂટેલી પાણી અને ગટરની પાઈપલાઈનો તાત્કાલિક રિપેર કરી ખોદકામની કામગીરી જવાબદારીપૂર્વક કરાવવા મ્યુનિસિપલ તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.